# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
## તૃતીય વર્ષ બી.આર.એસ. (રૂરલ ફાર્મ મેનેજમેન્ટ)
## મુખ્ય વિષય – ક્ષેત્ર વિદ્યા પેપર નં.૧૪ – ક્ષેત્રવિદ્યાનો કાર્યાનુભવ.

❖ **માળખું:–**

| આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગુણ |
|---|---|---|
| ૩૦ | ૭૦ | ૧૦૦ |

❖ **હેતુઓ:–**

(૧) ક્ષેત્રવિદ્યાના સૈધ્ધાંતિક અભ્યાસ પછી પ્રત્યક્ષ ક્ષેત્ર વિદ્યાકીય પ્રક્રિયાઓ (એગ્રોનોમિકલ પ્રેકટીસ) માંથી વિદ્યાર્થીઓ પસાર થઈ મેળવેલ જ્ઞાન આત્મસાત કરે.
(૨) અભ્યાસ સંસ્થાથી અલગ વિસ્તારમાં જમીન, પાક, ક્ષેત્ર વ્યવસ્થાની પરિસ્થિતિનો વિદ્યાર્થી ઊંડાણથી અભ્યાસ કરે.
(૩) વિષયવસ્તુના સૈધ્ધાંતિક અભ્યાસ દરમિયાન ખૂટતી બાબતોનો અભ્યાસ, વિદ્યાર્થી એક કે વધુ ક્ષેત્રો પર રહી કરે.
(૪) અભ્યાસ દરમિયાન મેળવેલ વિષયવસ્તુના સૈધ્ધાંતિક જ્ઞાનનું જુદા જુદા ક્ષેત્રો પર પ્રવર્તમાન પરિસ્થિતિમાં પ્રત્યક્ષીકરણ થતું જાણે, શીખે તથા તારણો કાઢે.
(૫) જુદા જુદા ક્ષેત્રો પર સ્વતંત્ર રીતે રહી ક્ષેત્ર સંચાલનનો પ્રત્યક્ષ અનુભવ કેળવે.
(૬) જુદા જુદા પાકોમાં લેવાતા નિર્ણયોમાં પોતાનું યોગદાન આપતો થાય.
(૭) ક્ષેત્ર ઉપર એક કે વધુ એકમનું સ્વતંત્ર સંચાલન કરવાનો આત્મવિશ્વાસ કેળવે.
(૮) ક્ષેત્ર સંચાલનમાં આવતી સમસ્યાઓ અને તેના ઉકેલો અંગે અનુભવ મેળવે.
(૯) ક્ષેત્ર પરના પાકોનું આવક–જાવકનું સરવૈયું કાઢી ક્ષેત્ર વધારે કેવી રીતે ફાયદાકારક બને તે માટે જુદા જુદા પાકો તથા ખેત વ્યવસાયોનો તુલનાત્મક અભ્યાસ કરતો થાય.
(૧૦) જુદા જુદા ક્ષેત્રો પર યોજાતી નવી કૃષિ ટેકનોલોજીનો અભ્યાસ કરતો થાય.
(૧૧) જે તે ક્ષેત્રની આસપાસ પ્રવર્તમાન કૃષિવિષયક માળખાનો અભ્યાસ કરે.
(૧૨) કૃષિ વિષયોનું અધ્યાપન કાર્ય કરતો થાય.
(૧૩) કૃષિ વિષયોના અધ્યાપન કાર્ય ઉપરાંત છાત્રાલય સંચાલન તથા શિક્ષણ સંસ્થામાં ચાલતી અન્ય અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સંચાલન કરતો થાય.

❖ **શિક્ષણ પ્રવૃત્તિઓ :–** કાર્યાનુભવનો કુલ ગાળો ૪૫ દિવસનો રહેશે.

(૧) વિદ્યાર્થી કોઈ એક શિક્ષણ સંસ્થામાં ૧૫ દિવસ રહી ધો–૮ થી ૧૦ ના વર્ગોમાં ખેતીના વિષયોનું અધ્યાપનકાર્ય કરશે.
(૨) રોજના ઓછામાં ઓછા બે વર્ગો લેશે અને બે વર્ગોનું સંચાલન કરશે. બાકીનો સમય સંસ્થા અને છાત્રાલયની અન્ય પ્રવૃત્તિઓમાં ભળશે, સંચાલન કરશે.
(૩) શિક્ષણ નિવાસ દરમિયાન ઓછામાં ઓછી એક નવી શૈક્ષણિક પ્રવૃત્તિ વિદ્યાર્થીને શીખવશે.
(૪) વિદ્યાર્થી પોતાની દૈનિક પ્રવૃત્તિની નોંધ રાખશે અને સંસ્થા કે ક્ષેત્ર સંચાલકની તેમાં સહી કરાવશે.
(૫) વિદ્યાર્થી ૩૦ દિવસ વિકસિત ક્ષેત્ર પર રહી ઊંડાણથી અભ્યાસ કરશે. અનુકૂળતા મુજબ આ ગાળો નીચે મુજબ વહેંચી શકાશે.
  (૧) પૂરા દિવસનો કોઈ એક પ્રગતિશીલ ખેડૂત કે સરકારી ફાર્મ કે યુનિ.ના ફાર્મ પર રહેશે.
  (૨) બે અલગ અલગ પ્રગતિશીલ ખેડૂતના ક્ષેત્ર પર અર્ધા અર્ધા દિવસનો રહેશે.
  (૩) કોઈ એક પ્રગતિશીલ ખેડૂતનું ફાર્મ તથા સરકારી ફાર્મ કે કૃષિ યુનિ. ફાર્મ પર અર્ધા અર્ધા દિવસો ૧૫– ૧૫ રહેશે.
(૬) વિદ્યાર્થી ક્ષેત્ર સંચાલનમાં ભાગ લેશે.
(૭) ખેતી કાર્યોના પ્રત્યક્ષ કાર્યમાંથી પસાર થશે.
(૮) જે તે ક્ષેત્રનું અંદાજપત્ર બનાવશે.
(૯) આજુબાજુના બે પ્રગતિશીલ ક્ષેત્રોની મુલાકાત લઈ તુલનાત્મક અભ્યાસ કરશે.
(૧૦) ક્ષેત્ર પર એકાદ નાનો કૃષિ પ્રયોગ ગોઠવશે.
(૧૧) શિક્ષણ નિવાસ અને ફાર્મનિવાસ ના કાર્યનુભવનો વિસ્તૃત અને વ્યવસ્થિત અહેવાલ તૈયાર કરી સૂચવેલ સમય મર્યાદામાં સંસ્થામાં જમા કરાવશે.

❖ **મૂલ્યાંકનનું માળખું :–**

| ક્રમ | નિર્ણાયક | મૂલ્યાંકનના આધારો | કુલ ગુણ | ભારાંક |
|---|---|---|---|---|
| ૧ | મહાવિદ્યાલયના કેન્દ્રનિવાસ વ્યવસ્થાપક | પૂર્વતૈયારી, નિયમિતતા, ચોકસાઈ, નિયમપાલન | ૧૫ | ૩૦ |
| | | અભિમુખતા, અનુકૂલનક્ષમતા, તત્પરતા | ૧૫ | |
| ૨ | કેન્દ્ર સંચાલક અને મહાવિદ્યાલયના આચાર્ય | કાર્યનિષ્ઠા, પુખ્તતા, સમજદારી | ૨૦ | ૨૦ |
| ૩ | મુખ્ય વિષયના અધ્યાપક | કરેલ પ્રવૃત્તિઓની ગુણવત્તા, વિવિધતા, બહુલતા, વિદ્યાર્થીના વલણ અને વૃત્તિ | ૫૦ | ૫૦ |
| | | મુલાકાત છાપ ૧૦; દૈનિક પોથી, પાક્ષીક અહેવાલ ૨૦; મૌખિક પરીક્ષા ૨૦ | | |

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
## તૃતીય વર્ષ બી.આર.એસ. (રૂરલ ફાર્મ મેનેજમેન્ટ)
## મુખ્ય વિષય – પેપર નં.૧૪ પશુપાલન અને ડેરી વિજ્ઞાન
## પશુપાલન અને ડેરીવિજ્ઞાનનો કાર્યાનુભવ

❖ **માળખું:–**

| આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગુણ |
|---|---|---|
| ૩૦ | ૭૦ | ૧૦૦ |

❖ **હેતુઓ:–**

(૧) વિદ્યાર્થીઓ કોઈ એક શિક્ષણ સંસ્થા(કેન્દ્ર)માં રહી શિક્ષણ કેન્દ્રનો પરિચય મેળવશે. તેમજ પશુપાલન, ડેરીવિજ્ઞાન અને કૃષિના અન્ય વિષયોના શિક્ષણ સંસ્કાર સાથે સંલગ્ન એવા ઘડતર વિકાસના કાર્યો (અધ્યાપન, તાલીમ પ્રવૃત્તિ) નો અનુભવ મેળવશે. તેની વ્યવસ્થિત નોંધ રાખશે. આ કામોમાં ૮ થી ૧૦ ધોરણમાં દરરોજ કૃષિ – પશુપાલન વિષયના બે વર્ગો લે તેવું અપેક્ષિત છે.

(૨) વિદ્યાર્થી કોઈ એક સરકારી કે ખાનગી ગૌશાળા, પાંજરાપોળ કે પશુસંવર્ધન કેન્દ્રમાં નિવાસ કરશે ત્યાં પશુપાલન ડેરી વિજ્ઞાના અગત્યના દરેક પાસાનો કાર્યાનુભવ મેળવશે. તેમજ કેન્દ્રની આસપાસના ગામડાના પશુપાલનના પ્રશ્નોની જાણકારી મેળવશે. તેમજ કેન્દ્રની આસપાસના ગામડાના પશુપાલનના પ્રશ્નોની જાણકારી મેળવી તેના ઉકેલનો પ્રોજેકટ તૈયાર કરશે. નિવાસ દરમિયાન થયેલ કાર્યોની વ્યવસ્થિત નોંધ રાખશે. અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે.

(૩) વિદ્યાર્થી કોઈ એક સહકારી કે ખાનગી ડેરી, દૂધ સહકારી મંડળી કે ખાનગી ડેરી ફાર્મમાં નિવાસ કરશે. ત્યાં ડેરીને લગતી અગત્યની બાબતોનો કાર્યાનુભવ મેળવશે. તેમજ ડેરીના વહીવટ અને પ્રશ્નોની જાણકારી મેળવશે. નિવાસ દરમિયાન થયેલા કાર્યોની વ્યવસ્થિત નોંધ રાખશે અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે.

➢ **નોંધ :–**

(૧) વિદ્યાર્થીએ આ સમગ્ર કાર્યાનુભવનો વ્યવસ્થિત લેખિત અહેવાલ મૂલ્યાંકન માટે રજૂ કરવાનો રહેશે. અહેવાલ સુપ્રત કરવાની તારીખ જાહેર કરશે.

(૨) આ કામ કરતી વેળાના વિદ્યાર્થીના વૃત્તિ, વલણ, રીત, મહેનત, ક્ષમતા , કક્ષાને પણ અંતિમ અહેવાલ – મૂલયાંકન વેળાએ ધ્યાનમાં લેવાશે.

(૩) આ કામના મૂલ્યાંકનમાં જે તે તાલીમ કેન્દ્રોના સંબંધિત સંચાલક કે વ્યવસ્થાપકો તથા મુલાકાતી અધ્યાપકોના અભિપ્રાયોને પણ યોગ્ય રીતે ધ્યાનમાં લેવાશે.

(૪) કાર્યાનુભવની મૌખિક પરીક્ષા પણ લેવાશે.

(૫) કેન્દ્રનિવાસનો સમયગાળો નીચે મુજબ રહેશે.
- (૧) શિક્ષણ નિવાસ :– ૧૫ દિવસ.
- (૨) ગૌશાળા નિવાસ :– ૧૫ દિવસ.
- (૩) ડેરી –નિવાસ :– ૧૫ દિવસ.

(૬) વિદ્યાર્થી ક્ષેત્ર સંચાલનમાં ભાગ લેશે.

(૭) ખેતીકાર્યના પ્રત્યક્ષકાર્યમાંથી પસાર થશે.

(૮) જે તે ક્ષેત્રનું અંદાજપત્રક બનાવશે.

(૯) આજુબાજુના બે પ્રગતિશીલ ક્ષેત્રોની મુલાકાત લઈ તુલનાત્મક અભ્યાસ કરશે.

(૧૦) ક્ષેત્ર ઉપર એકાદ નાનો કૃષિ પ્રયોગ ગોઠવશે.

(૧૧) શિક્ષણનિવાસ અને કાર્યનિવાસના કાર્યાનુભવનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરી સૂચવેલ સમય મર્યાદામાં સંસ્થામાં જમા કરાવશે.

❖ મૂલ્યાંકનનું માળખું નીચે મુજબ રહેશે :

કાર્યાનુભવ કાર્યક્રમનું સ્વરૂપ વિશિષ્ટ હોવાથી તેના મૂલ્યાંકનમાં એકથી વધુ વ્યકિતઓની ભાગીદારી જરૂરી ગણવામાં આવી છે. તેથી નીચેની ત્રણ રીતે વિદ્યાર્થીના કાર્યાનુભવનું મૂલ્યાંકન કરશે.

➢ **મૂલ્યાંકનનું માળખું**

| ક્રમ | નિર્ણાયક | મૂલ્યાંકનના આધારો | કુલ ગુણ | ભાષા |
|---|---|---|---|---|
| ૧ | મહાવિધાલયના કેન્દ્રનિવાસ વ્યવસ્થાપક | પૂર્વતૈયારી, નિયમિતતા, ચોકસાઈ, નિયમપાલન | ૧૫ | ૩૦ |
| | | અભિમુખતા, અનુકૂલનક્ષમતા, તત્પરતા | ૧૫ | |
| ૨ | કેન્દ્ર સંચાલક અને મહાવિધાલયના આચાર્ય | કાર્યનિષ્ઠા, પુખ્તતા, સમજદારી | ૨૦ | ૨૦ |
| ૩ | મુખ્ય વિષયના અધ્યાપક | કરેલ પ્રવૃત્તિઓની ગુણવત્તા, વિવિધતા, બહુલતા, વિદ્યાર્થીઓના વલણ અને વૃત્તિ | ૫૦ | ૫૦ |
| | | મુલાકાત છાપ દૈનિક પોથી, પાક્ષીક અહેવાલ મૌખિક પરીક્ષા | | |
| | | ૧૦ ૨૦ ૨૦ | | |

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
# તૃતીય વર્ષ બી.આર.એસ. (રૂરલ ફાર્મ મેનેજમેન્ટ)
## મુખ્ય વિષય :– પેપર નં.૧૪
## વિસ્તરણ શિક્ષણ અને સમાજ નવરચના વિસ્તરણ શિક્ષણનો કાર્યાનુભવ

❖ **પ્રસ્તાવના:–**

વિસ્તરણ શિક્ષણ અને સમાજ નવરચના વિષય શીખનાર વિદ્યાર્થી સમાજના પ્રશ્નોથી વાકેફ થાય, ગ્રામ વિકાસ એજન્સીઓનું સંયોજન કરતા શીખે. ગ્રામ વિકાસ યોજનાઓથી પરિચિત થાય. લોકમાનસ સમજી તેને ગ્રામ વિકાસના કાર્યોમાં ભાગીદાર બનાવે તેમજ સ્વૈચ્છિક અને શૈક્ષણિક સંસ્થાઓનું બંધારણ, વહીવટ, કાર્યપધ્ધતિ જાણે અને તાલીમ મેળવી વિષય શિક્ષણનો અનુબંધ કરી પોતાનો સ્વતંત્ર અહેવાલ તૈયાર કરે તેવી અપેક્ષા છે.

❖ **માળખું:–**

| આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગુણ |
|---|---|---|
| ૩૦ | ૭૦ | ૧૦૦ |

❖ **હેતુ:–** વિધાર્થી કાર્યાનુભવમાંથી પસાર થઈ વિસ્તરણ શિક્ષણના સંદર્ભોથી પરિચિત થાય.

❖ **મુદ્દાઓ :–**

(૧) વિધાર્થી કોઈ એક ગામડામાં કે ગ્રામ કેન્દ્રમાં નિવાસ કરશે. ત્યાં ગ્રામ પરિચય તેમજ ગ્રામ સંપર્ક દ્વારા ગ્રામ સેવાના ગ્રામ સફાઈ, ગ્રામ આરોગ્ય, યુવક મંડળ, બાળ અને મહિલા પ્રવૃત્તિઓ, પ્રાથમિક શાળા સંચાલન, પ્રૌઢ શિક્ષણ , અંબર અને ગેસપ્લાન્ટની પ્રવૃત્તિ, ખેતી ગોપાલન (કોઈ એક પાસુ) ઉત્સવની ઉજવણી અને વૃક્ષારોપણ જેવા કાર્યોનું આયોજન કરી કાર્યાનુભવ મેળવશે. નિવાસ દરમિયાન થયેલા કાર્યોની વ્યવસ્થિત નોંધ રાખશે અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે.

(૨) વિધાર્થી કોઈ એક શિક્ષણ સંસ્થા( કેન્દ્ર) માં રહી તથા શિક્ષણ કેન્દ્રનો પરિચય મેળવશે. તેમજ વિસ્તરણ શિક્ષણ અને કૃષિના અન્ય વિષયોના શિક્ષણ સંસ્કાર સાથે સંલગ્ન એવા ઘડતર – વિકાસના કાર્યો (અધ્યાપન, તાલીમ પ્રવૃત્તિ)નો અનુભવ મેળવશે. તેની વ્યવસ્થિત નોંધ રાખશે તથા ૮ થી ૧૦ ધોરણમાં દરરોજ કૃષિ વિસ્તરણ શિક્ષણ વિષયના બે વર્ગો લે તેવું અપેક્ષિત છે.

(૩) વિધાર્થી કોઈ એક ગ્રામ વિકાસ એજન્સીની રચના, કાર્યો તથા વહીવટની પ્રત્યક્ષ તાલીમ મેળવશે અને નિવાસ દરમિયાન તાલુકા પંચાયતનો અભ્યાસ કરશે. નિવાસ થયેલા કાર્યોની વ્યવસ્થિત નોંધ રાખશે અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે.

➢ **નોંધ :–**

(૧) વિધાર્થીએ મૂલ્યાંકન માટે સમગ્ર કાર્યાનુભવનો વ્યવસ્થિત લેખિત અહેવાલ મૂલ્યાંકન માટે રજૂ કરવાનો રહેશે. અહેવાલ સુપ્રત તૈયાર કરવાની તારીખ જાહેર કરશે.

(૨) આ કાર્ય સંપન્ન કરતી વેળાના વિધાર્થીના વૃત્તિ, વલણ, રીત, મહેનત, ક્ષમતા , કક્ષાને પણ અંતિમ અહેવાલ – મૂલયાંકન વેળાએ ધ્યાનમાં લેવાશે.

(૩) આ કામના મૂલ્યાંકનમાં જે તે તાલીમ કેન્દ્રોના સંબંધિત સંચાલકો – વ્યવસ્થાપકો તથા મુલાકાતી અધ્યાપકોના અભિપ્રાયોને પણ યોગ્ય રીતે ધ્યાનમાં લેવાશે.

(૪) કાર્યાનુભવની મૌખિક પરીક્ષા પણ લેવાશે.

(૫) કેન્દ્રનિવાસનો સમયગાળો નીચે મુજબ રહેશે.

  (૧) ગ્રામ નિવાસ :– ૧૫ દિવસ.

  (૨) શિક્ષણ નિવાસ :– ૧૫ દિવસ.

  (૩) સ્વૈચ્છિક સંસ્થા નિવાસ :– ૧૫ દિવસ.

❖ **મૂલ્યાંકનનું માળખું :–**

કાર્યાનુભવ કાર્યક્રમનું સ્વરૂપ વિશિષ્ટ હોવાથી તેના મૂલ્યાંકનમાં એકથી વધુ વ્યકિતઓની ભાગીદારી જરૂરી ગણવામાં આવી છે.

| ક્રમ | નિર્ણાયક | મૂલ્યાંકનના આધારો | કુલ ગુણ | ભારાંક |
|---|---|---|---|---|
| ૧ | મહાવિધાલયના કેન્દ્રનિવાસ વ્યવસ્થાપક | પૂર્વતૈયારી, નિયમિતતા, ચોકસાઈ, નિયમપાલન | ૧૫ | ૩૦% |
| | | અભિમુખતા, અનુકૂલનક્ષમતા, તત્પરતા | ૧૫ | |
| ૨ | કેન્દ્ર સંચાલક અને મહાવિધાલયના આચાર્ય | કાર્યનિષ્ઠા, પુખ્તતા, સમજદારી | ૨૦ | ૨૦% |
| ૩ | મુખ્ય વિષયના અધ્યાપક | કરેલ પ્રવૃત્તિઓની ગુણવત્તા, વિવિધતા, બહુલતા, વિધાર્થીઓના વલ અને વૃત્તિ | ૫૦ | ૫૦% |
| | | મુલાકાત છાપ દૈનિક પોથી, પાક્ષીક અહેવાલ મૌખિક પરીક્ષા | | |
| | | ૧૦ ૨૦ ૨૦ | | |

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
## તૃતીય વર્ષ બી.આર.એસ. (રૂરલ ફાર્મ મેનેજમેન્ટ)
## મુખ્ય વિષય :– બાગાયત અને વનવિધા પેપર નં.૧૪
## બાગાયત અને વનવિધાનો કાર્યાનુભવ

❖ **માળખું:–**

| આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગુણ |
|---|---|---|
| ૩૦ | ૭૦ | ૧૦૦ |

❖ **હેતુઓ:**– વિધાર્થી કાર્યાનુભવમાંથી પસાર થઈ સંદર્ભોથી પરિચિત થાય.

❖ **મુદ્દાઓ :–**

(૧) વિધાર્થીઓ કોઈ એક શિક્ષણ સંસ્થા(કેન્દ્ર)માં રહી શિક્ષણ કેન્દ્રનો પરિચય મેળવશે. તેમજ બાગાયત શાસ્ત્ર અને કૃષિના અન્ય વિષયોના શિક્ષણ સંસ્કાર સાથે સંલગ્ન એવા ઘડતર વિકાસના કાર્મો (અધ્યાપન– તાલીમ પ્રવૃત્તિ) નો અનુભવ મેળવશે. તેની વ્યવસ્થિત નોંધ રાખશે. આ કામોમાં ૮ થી ૧૦ ધોરણમાં દરરોજ કૃષિ – બાગાયત વિષયના બે વર્ગો લે તેવું અપેક્ષિત છે.

(૨) વિધાર્થી કોઈ એક શિક્ષણ સંસ્થા / કૃષિ કોલેજ/ કેન્દ્ર કે બાગાયત પાકોની ઉત્તમ ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતના ફાર્મ ઉપર બાગાયત નિવાસ કરશે ત્યાં ફળ અને શાકભાજીના પાકોના ખેતી કાર્યોમાં પ્રત્યક્ષ રીતે જોડાશે અને કાર્યાનુભવ મેળવશે. વિધાર્થી આ નિવાસ દરમિયાન થયેલ કાર્યોની વ્યવસ્થિત નોંધ રાખશે અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે.

(૩) વિધાર્થી કોઈ એક સરકારી કે ખાનગી નર્સરીમાં નિવાસ કરશે. ત્યાં નર્સરીના દરેક અગત્યના પાસાઓનો અભ્યાસ કરશે. નર્સરીના કાર્યોમાં સક્રિય રીતે જોડાઈ અનુભવ મેળવશે. વિધાર્થી આ નિવાસ દરમિયાન થયેલા કાર્યોની વ્યવસ્થિત નોંધ રાખશે અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે.

➢ **નોંધ :–**

(૧) વિધાર્થીએ આ સમગ્ર કાર્યાનુભવનો વ્યવસ્થિત લેખિત અહેવાલ મૂલ્યાંકન માટે રજૂ કરવાનો રહેશે. અહેવાલ સુપ્રત કરવાની તારીખ જાહેર કરશે.

(૨) આ કામ સંપન્ન કરતી વેળાના વિધાર્થીના વૃત્તિ, વલણ, રીત, મહેનત, ક્ષમતા, કક્ષાને પણ અંતિમ અહેવાલ – મૂલયાંકન વેળાએ ધ્યાનમાં લેવાશે.

(૩) આ કામના મૂલ્યાંકનમાં જે તે તાલીમ કેન્દ્રોના સંબંધિત સંચાલકો – વ્યવસ્થાપકો તથા મુલાકાતી અધ્યાપકોના અભિપ્રાયોને પણ યોગ્ય રીતે ધ્યાનમાં લેવાશે.

(૪) કાર્યાનુભવની મૌખિક પરીક્ષા પણ લેવાશે.

(૫) કેન્દ્રનિવાસનો સમયગાળો નીચે મુજબ રહેશે.
   (૧) શિક્ષણ નિવાસ :– ૧૫ દિવસ.
   (૨) બાગાયત નિવાસ :– ૧૫ દિવસ.
   (૩) નર્સરી નિવાસ :– ૧૫ દિવસ.

❖ **મૂલ્યાંકનનું માળખું :–**

| ક્રમ | નિર્ણાયક | મૂલ્યાંકનના આધારો | કુલ ગુણ | ભાષા |
|---|---|---|---|---|
| ૧ | મહાવિધાલયના કેન્દ્રનિવાસ વ્યવસ્થાપક | પૂર્વતૈયારી, નિયમિતતા, ચોકસાઈ, નિયમપાલન | ૧૫ | ૩૦ |
| | | અભિમુખતા, અનુકૂલનક્ષમતા, તત્પરતા | ૧૫ | |
| ૨ | કેન્દ્ર સંચાલક અને મહાવિધાલયના આચાર્ય | કાર્યનિષ્ઠા, પુખ્તતા, સમજદારી | ૨૦ | ૨૦ |
| ૩ | મુખ્ય વિષયના અધ્યાપક | કરેલ પ્રવૃત્તિઓની ગુણવત્તા, વિવિધતા, બહુલતા, વિધાર્થીઓના વલણ અને વૃત્તિ | ૫૦ | ૫૦ |
| | | મુલાકાત છાપ દૈનિક પોથી, પાક્ષીક અહેવાલ મૌખિક પરીક્ષા | | |
| | | ૧૦ ૨૦ ૨૦ | | |